©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] SATURDAY, 05th JULY, 2025/ASHADHA 14, 1947 [No. 3682

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી,

અધિસુચના

ક્રમાંક : TDO/CO/POLICY/01/2025.-

પિકલ બોલ / બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એકટીવીટી માટેના વિનિયમો / કાર્યપધ્ધતિ / કાર્યપ્રણાલીનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા અંગે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાં પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એકટીવીટી થકી શહેરના નાગરીકો રમતગમતનો આનંદ મેળવતા હોય છે. સદરહું એક્ટીવીટી થકી નાગરીકોની તંદુરસ્તીમાં વધારો થતો હોય છે. આ સંજોગોમાં નાગરીક સુવિધામાં તથા સુખાકારીમાં વધારો થાય તે હેતુસર પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એકટીવીટી માટેના મુસદ્દારૂપ વિનિયમો/ કાર્યપધ્ધતિ તૈયાર કરવામાં આવેલ છે.

ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ-૪૬૦ હેઠળ અ. મ્યુ. કો. હદ વિસ્તારમાં પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એકટીવીટી ચલાવવા માટેની મુસદ્દારૂપ વિનિયમો/ કાર્યપધ્ધતિની દરખાસ્તને જાહેર જનતાના વાંધા/ સૂચનો મેળવવા માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ઉપરોક્ત અ. મ્યુ. કો. હદ વિસ્તારમાં પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એકટીવીટી માટે તૈયાર કરેલ મુસદ્દારૂપ કાર્યપધ્ધતિની અધિસુચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ મુસદ્દાની એક નકલ નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી, ત્રીજો માળ, બ્લોક બી, સરદાર પટેલ ભવન, દાણાપીઠ, અમદાવાદ ખાતે કચેરીના કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન જાહેરજનતાને જોવા સારૂ ખુલ્લી મુકવામાં આવેલ છે. સદર મુસદ્દારૂપ વિનિયમો/ કાર્યપધ્ધતિનો મુસદ્દો રાજય સરકારશ્રીના અસાધારણ રાજયપત્ર (ગેઝેટ)માં પ્રસિધ્ધ થયેથી ૩૦(ત્રીસ) દિવસની સમય મર્યાદામાં પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એકટીવીટી ચલાવવા માટેના વિનિયમો/ કાર્યપધ્ધતિના સંબંધમાં લેખિત વાંધા અને/ અથવા સુચનો નગર વિકાસ અધિકારીશ્રી, નગર વિકાસ ખાતુ, મધ્યસ્થ કચેરી ખાતે લખી જણાવશો તો તે લેખિત વાંધા/ સૂચનો અ. મ્યુ. કો. દ્વારા પિકલ બોલ/ બોક્ષ ક્રિકેટ તેમજ તે પ્રકારની નેટ કવર્ડ સ્પોર્ટસ એકટીવીટી ચલાવવા માટેના વિનિયમો/ કાર્યપધ્ધતિનો મુસદ્દો ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ની કલમ ૪૬૧ હેઠળ રાજય સરકારશ્રીની મંજુરી અર્થે સાદર કરતા પહેલા ગુણવત્તાના ધોરણે વિચારણામાં લેવામાં આવશે, તેની તમામ/ લાગતાવળગતા/ સર્વેએ નોંધ લેવા વિનંતી છે.

સહિ/- અવાચ્ય
મ્યુનિસિપલ કમિશનર
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

Signature Not Verified
Signed by:SUBIR KUMAR GHOSH
Date: 2025.07.07 15:10:03 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Rajkot